| | |
|---|---|
| રજુ કર્યા તારીખ | ૧૪–૦૬–૨૦૧૩ |
| દાખલ કર્યા તારીખ | ૧૪–૦૬–૨૦૧૩ |
| ફેંસલ કર્યા તારીખ | ૨૨–૦૪–૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ....માસ..... દિવસ... |

**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

| | |
|---|---|
| **ક્રિ. કેસ નંબર** | **૧૦૦૨૩૫/૨૦૧૩** |
| **આંક** | **૧૦** |

**ફરીયાદી** :– શ્રી સરકાર

(એ.એ.દોલતી–પ્રાદેશીક અધિકારી)

વિ રૂ દ્ધ

**તહોમતદાર** :– (૧). કટારીયા આર્ચેડ (કટારીયા ઓ.લિ.)

(૨). રાજેન્દ્ર કટારીયા (એમ.ડી.)

(૩) ધવલ જોષી (મેનેજર)

ત્રણેય ઠેકાણું :– મકરબા, અદાણી સ્કુલ પાસે,

અદાણી સીએનજી, એસ.જી.હાઈવે, અમદાવાદ.

બાબત :– પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ કલમ ૧૬ ના ભંગ બદલ ૧૫ મુજબ.

ફરીયાદપક્ષે શ્રી જીતેનભાઈ ચૌહાણ.

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ. વી. વખારીયા

'' ઠ રા વ ''

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એક સ્વાયત બોર્ડ છે કે જેની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે. જેને હવે પછી અત્રે બોર્ડ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં. એસ.ઓ., ૩૯૪(ઈ) તા.૧૬/૪/૮૭ મુજબ પ્રાદેશિક અધિકારીને ફરીયાદ કરવાની સત્તા આપવામાં આવેલી છે. આરોપી નં.૧ કંપની છે અને આરોપી નં.૨, ના તેના ડાયરેકટર છે અને આરોપી નં.૩, તેના મેનેજર છે, જેમાં આરોપીઓએ એન્વાયરમેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ નોટીફીકેશન એસ.ઓ.૧૫૩૩ તા.૧૪/૯/૨૦૦૬ ની જોગવાઈ મુજબ એન્વાયરમેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ નોટીફીકેશન ૨૦૦૬ મુજબ બોર્ડનું એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ લીધા વગર તેમના પ્રોજેકટનું બિલ્ડીંગનું કામકાજ ચાલુ કરેલ હતું. બોર્ડના અધિકારીશ્રી ટી.એચ.મહેતા (એ.ઈ.ઈ.) તથા શ્રી વી.એસ. સોની (એસ.ઓ.) એ તા.૪/૯/૨૦૧૨ ના રોજ આરોપીઓની સાઈટની મુલાકાત લીધેલી તે વખતે આરોપીઓની સાઈટ ઉપર ધંધાકીય તથા રહેઠાણ માટેના બિલ્ડીંગનું કામકાજ પૂર્ણ કરેલ હતું. આમ, આરોપીઓએ પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેઓ સામે પગલાં લેવા હાલની ફરીયાદ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ ની જોગવાઈ અન્વયે કેસની નકલો આપી દીધેલી છે અને તેઓને ગુના અંગે પૂછતાં તેઓ આજરોજ તેમની સામેનો ગુનો આંક–૧ માં જણાવ્યા મુજબનો કબુલ રાખે છે અને તે અંગે લેખિત પુરસીસ આંક–૫ થી આપેલ છે જેથી આરોપીઓની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે.

(૩) આરોપીઓ તરફે આંક–૩ થી કબુલાત પુરસીસ આપી રજુઆત કરેલી છે કે, તેઓની સામેનો આ કામનો ગુનો તેઓ કબુલ રાખે છે અને તેઓને યોગ્ય અને વ્યાજબી

રકમનો દંડ કરવા અરજ કરે છે. વધુમાં તેઓ તરફે રજુઆત કરવામાં આવેલી છે કે, તેઓએ તા.૧૪/૦૫/૨૦૧૨ ના રોજ એન્વાયરમેન્ટસ કલીયરન્સ મેળવવા અરજી કરી દીધેલ હતી અને તે અન્ડર પ્રોસેસ હતી અને તા.૦૯/૦૯/૨૦૧૪ ના રોજ તેવી પરવાનગી મળી ગયા બાદ આગળનું બાંધકામ કરેલું છે. આમ તેઓએ તમામ પ્રકારની તકેદારીઓ રાખેલ છે અને કાયદાના નિયમોનું પાલન કરેલ છે અને આમ કાયદાની અજ્ઞાનતા તેમજ શરતચુક અને ભુલથી આવું બનવા પામેલ છે. જેથી તેઓ સદર ગુનો કબુલ કરતા હોય ન્યાયના હિતમાં યોગ્ય નિર્ણય કરવા અરજ કરેલી છે. આમ, આરોપીઓ તરફે હાલની કબુલાત પુરસીસ આપતા અને સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ હોવાનું જણાવતાં આરોપીઓને આંક-૬ થી તહોમતનામું ફરમાવી આંક-૭,૮,૯ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીઓની ગુનો કબુલાત સ્વૈચ્છિક હોય તે નહિ માનવાને કોઈ કારણ નથી.

આ કામે ફરીયાદપક્ષે વિધ્વાન વકીલશ્રી જીતેન ચૌહાણ તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.વી.વખારીયાની દલીલો સાંભળી. આ કામની ફરીયાદની હકીકતો અને આરોપીઓની કબુલાત પુરસીસ ધ્યાને રાખતા અને તેમના તરફે કરેલ રજુઆત ધ્યાને લેતાં તેઓએ અન્ય કોઈ ગુન્હો કરેલ નથી અને તમામ પ્રકારની તકેદારીઓ રાખેલ છે અને કાયદાના નિયમોનું પાલન કરેલ છે અને કાયદાની અજ્ઞાનતા અને શરતચુકથી થયેલ ભુલના કારણે આ બનવા પામેલ છે તેમજ કહેવાતી રેડ કરેલ તે અગાઉ આરોપીઓએ એન્વાયરમેન્ટ કલીયરન્સ લેવા અરજી કરેલ હતી અને ત્યારબાદ આરોપીઓએ બાંધકામનું કામકાજ બંધ રાખેલ અને તે પછી તેઓની પરવાનગી આવી ગયા બાદ કામકાજ શરૂ કરેલ અને આરોપીઓને એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ મળી ગયેલ છે તેમજ આજરોજ લોક અદાલતમાં હાજરી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોય અને ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરીએ તેવી ખાત્રી આપેલ હોય તેવા તમામ સંજોગોમાં આરોપીઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય તેઓને મહત્તમ સજા નહિ કરતા નીચે મુજબનો હુકમ

---
કરવામાં આવે તો ન્યાયોચિત ગણાશે તેવું મારૂં સ્પષ્ટ માનવું છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

::: હુ ક મ :::

આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૧ મુજબ પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ કલમ ૧૬ ના ભંગ બદલ સદર કાયદાની કલમ : ૧૫, ના શિક્ષાપાત્ર ગુનામાં દરેક આરોપીને રૂા.૧૨,૫૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પાંચસો પુરા) દંડ ફરમાવવામાં આવે છે.

વધુમાં આરોપી નં.૧ નો દંડ આરોપી નં.૨ નાએ ભરવાનો રહેશે.

જો આરોપી નં.૨,૩ ના દંડ ભરવામાં કસુર કરે તો દિન-૧૫ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આરોપીઓએ કુલ રૂા.૩૭,૫૦૦/- (અંકે રૂપિયા સાડત્રીસ હજાર પાંચસો પુરા) દંડ ભરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૨/૦૪/૨૦૧૮.

(બી. બી. પટેલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં. GJ00292